**<u>અમદાવાદ(ગ્રામ્ય)ની ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૨૭૪૬/૨૦૨૩</u>**

**<u>આંક.......</u>**

ફરીયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઃ આતીફ અબ્દુલહજીજ હકીમજી

ફરીયાદી તરફે અને આરોપી તરફે વિ.વ.શ્રી

ગુનોઃ G.P. Act – 135(1) મુજબ.

**<u>ચુકાદો</u>**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ઉપરોક્ત કલમ ભંગ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે મુજબ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૨. આરોપીને પ્રોસેસ કરતાં હાજર થઈ પોતે ગુન્હો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતાં આરોપીની ગુન્હા કબુલાત પ્લી લીધેલ છે જેમાં આરોપીએ તેમની વિરૂદ્ધનો ગુનો કબુલ કરેલ છે.

૩. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીસ, આરોપીની આર્થિક તેમજ સામાજિક સ્થિતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં, સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે G.P. Act – 135(1) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૧૦૦/– પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ મુદ્દામાલ વાહનનો વચગાળાનો હુકમ કાયમ કરવો. તેમજ મુદ્દામાલ લાકડીઓનો નાશ કરવો.

ઉપરોક્ત ચુકાદો તા. ૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તા. ૧૧/૦૨/૨૦૨૩
સ્થળઃ અમદાવાદ.

**(આર. એ. ઝાલા)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(ગ્રામ્ય), મિરઝાપુર
કોડ નં. જી.જે.૦૦૯૩૮

જે.ડી.ડાભી(પી.એ.)